ફ્લેટ વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ સુરતના **ગામ મોજે ઉમરા** ના રે.સ.નં. ૬૧/૧ પૈકી, ટી.પી. નં. ૪, એફ.પી.નં. ૬ થી નોંધાયેલી જમીનમાં આયોજન કરવામાં આવેલ **શુભમ એપાર્ટમેન્ટ, બી વિંગ** માં આવેલ ફ્લેટો પૈકી **ફ્લેટ નં. બી/૭૦૧** વાળી ફ્લેટ મિલકતના માલિક/કબજેદારો **(૧) સોમદત્ત બલદેવદત્ત બત્રા તથા (૨) શકુંતરાની સોમદત્ત બત્રા** તેઓની સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલોને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીનો ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહિત દિન–૭ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનોમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

તા. ૧૩/૦૫/૨૦૨૬ (સુચના અને ફરમાઈશથી)
ઓફિસ : ૩૪, ૩૫, ગ્રાઉન્ડ ફ્લોર, અક્ષર ડાયમંડ માર્કેટ, માનગઢ ચોક, મીનીબજાર, વરાછા રોડ, સુરત.
હર્ષદ એન. કાનાણી
એડવોકેટ & નોટરી

ડી. ભરૂચ સબ–ડી. તા. હાંસોટના મોજે ગામ કાંટા–સાયણના રેવ.સર્વે/બ્લોક નં. ૪૬૩ (જુનો રેવ.સર્વે નં. ૪૯૩ અ) ની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ ભરૂચ સબ–ડીસ્ટ્રીકટ તાલુકો હાંસોટના **મોજે ગામ કાંટા–સાયણ**ના **રેવ. સર્વે/બ્લોક નં. ૪૬૩ (જુનો રેવ. સર્વે નં. ૪૯૩ અ)**, જેનુ **કુલ્લે ક્ષેત્રફળ હે. ૧–૦૬–૪૧ આરે ચો. મીટર**, જેનો **ખાતા નં. ૬૩૫** તથા **આકાર રૂા. ૯.૨૫ પૈસા** થી નોંધાયેલ જુની શરતની ખેતીની ખુલ્લી જમીન **ગુલામભાઈ નથ્થુભાઈ** નાઓની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, વહીવટ–વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી હોવાની ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, ખાનગી ભાગીદારો, સ્વાયત સંસ્થા કે બેન્ક વિગેરે હરકોઈના લાગભાગ, હકક–હિસ્સા, દર–દાવા, જપ્તી–અલજપ્તી, લેણું–બોજા, સોદા–સાટાખત, પાવર ઓફ એર્ટની જેવા લેખો યા કોઈપણ પ્રકારના લખાણો યા કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણીત પુરાવા સહીત **દીન–૭** માં તે અંગેની સંપુર્ણ લેખીત ખાત્રી અમોને રૂબરૂ મળી કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સંબંધ, હકક–હિસ્સો કે લાગભાગ, દર–દાવા, કબજા–ભોગવટા યા ઈઝમેન્ટના હકકો વિગેરે નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ માની લઈ અમારા અસીલ મજકુર માલીક સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી જરૂરી કાયદેસરના લખાણો–દસ્તાવેજો વિગેરે કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો–વિરોધ, દર–દાવો વિગેરે ચાલશે નહી, તેની આ જાહેર નોટીસ થકી લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી તા. ૧૩/૦૫/૨૦૨૬

ઠેકાણુઃ– ૨૨૦, રાજહંસ પોઈન્ટ, જુના ગીતાંજલી પાસે, વરાછા રોડ, સુરત. મોબા. નં. ૯૯૭૮૯–૯૩૯૫૦
ધવલભાઈ પી. કળથીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લો સુરત, તાલુકો ચોરાસીના મોજે ભાટીયાની નીચે જણાવેલ ખેતીની જમીનો

ક્રમ	ખાતા નંબર	બ્લોક નં	સર્વે ન	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂા.પૈસા	સત્તા પ્રકાર
૧	૩૮૪	૧૭૩	૧૭૭	૦–૦૬–૦૭	૧.૫૬	બિન ખેતી પ્રિપાત્ર
૨	૩૮૫	૧૭૫	૧૭૯	૦–૦૩–૦૪	૦.૭૫	જુનીશરત
૩	૩૮૬	૧૭૮	૧૮૨	૦–૦૫–૦૬	૧.૨૫	બિન ખેતી પ્રિપાત્ર

રમિલાબેન મહેશભાઈ પરમારનાઓએ પોતાની માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ તેમજ વપરાશમાં ચાલી આવેલ હોવાનું તેમજ મજકુર મિલકતોના ટાઇટલ કોઈપણ જાતના બોજારહિત, ચોકખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમાં મારા અસીલ તેમની પાસેથી સદરહુ મિલકતોનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઇને કોઇપણ જાતનો વાંધો હોય યા મજકુર મિલકતમાં કોઇપણ જાતના હક્ક–હિત, સંબંધ યા લાગ–ભાગ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન–૭ માં તેમના તેવા વાંધા/હક્ક–હિત, સંબંધે કે લાગ–ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખીતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદ્દતમાં જો કોઇ વાંધા ન આવે તો કોઇને મજકુર વ્યવહાર સંબંધે કોઇ વાંધો કે તકરાર નથી કે મિલકત સંબંધે કોઇ હક્ક–હિત નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની, મારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ તકરાર ચાલશે નહીં, તેની લાગતા–વળગતા તમામે નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી તા. ૧૩/૦૫/૨૦૨૬

હિતેશ વી. ઢોડિયા તે ખરીદનારના એડવોકેટ
૪૫–૪૬, મોમાઈનગર, પુણાગામ, સુરત. મો.નં. ૮૦૦૦૭૫૦૭૬૦

જાહેર નિવિદા નં. - ૦૧ અને ૦૨/૨૦૨૬-૨૭

આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/વ્યકિતઓને જણાવવાનું કે, કેવડીયા વન વિભાગ(એકતાનગર)ના વિસ્તારમાં વાહતુક સાથેની માટી પુરી પાડવી અને વિશ્વવન પ્રોજેક્ટમાં દેશ-વિદેશના રાષ્ટ્રધ્વજ ખરીદીની કામગીરી કરવા માટેના ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/ વ્યકિઓએ (n) Procure (www.nprocure.com) સાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૨૧ માં તેમનો ભાવો ઓન લાઇન આપવા વિનંતી છે.

આ વિભાગ દ્વારા નક્કી થયેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

નાયબ વન સંરક્ષક
કેવડીયા
સ્થળઃ એકતાનગર માહિતી/નર્મદા/૪૧/૨૦૨૬-૨૭ SOUADTGA, એકતાનગર

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), સુરત

ઓન લાઇન ઇ.ટેન્ડરીંગ નોટીસ નંઃ સુડા/સીબી/૦૨/૨૦૨૬-૨૭

મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરત ૩૯૫૦૦૭ દ્વારા માન્યશ્રીની નોંધાયેલ ઇજારદારો/ એજન્સીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.કામની વધુ વિગતો Website https://suda.nprocure.com and https://www.nprocure.com પર તા. ૨૦/૦૫/૨૦૨૬ સુધી જોવા મળશે.

અ. નં.	કામનુ નામ	કામની સંખ્યા
૧	CR to various Roads of T.P & D.P Schemes in kamrej taluka under surat urban devlopment area.	૧
૨	CR to various Roads of T.P & D.P Schemes in Choryasi & Palsana taluka under surat urban devlopment area.	૧

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
ક્રમાંકઃ માહિતી-સૂરત/૧૦૪/૨૦૨૬ સુરત

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભૂલકા ભવન શાખા : સરગમ શોપીંગ કોમ્પલેક્ષ, ભૂલકા ભવન સ્કૂલની સામે, અડાજણ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૯ ફોન : ૦૨૬૧–૨૭૮૧૭૬૮, મો : ૮૯૮૦૦૨૬૬૨૧ Email : bhulka@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) કલમ ૧૩(૪)સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (બીજો) એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા. ૦૯.૦૮.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદારો/ગીરવેદાર **શ્રી નિકુંજ રાકેશભાઈ તાનીયા (દેવાદાર) અને શ્રીમતી પીંકીબેન તાનીયા (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૩૮,૫૨,૭૫૧.૩૭ (અંકે રૂા. આડત્રીસ લાખ બાવન હજાર સાતસો એકાવન અને સાડત્રીસ પૈસા પુરા)** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ ના સાથે વંચાણે લઈ **તા. ૦૯મી મે ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબ્જો મેળવેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર /જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડા ની રકમ **રૂા. ૩૮,૫૨,૭૫૧.૩૭** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત લક્ષ્મીનારાયણ મંદિર પાસે આવેલ ગાળા ઘર નં.૨૩૮૨/બી, જેનું માપ ૫૨.૬૯૭ ચો.મી., ૧૩૯.૧૮ ચો.મી. કાર્પેટ એરીયાના બાંધકામ સાથે, બિલ્ટઅપ એરીયા માપ ૧૬૭.૦૧૬ ચો.મી. સર્વે નં વોર્ડ નં.૨, નોંધ નં.૨૩૮૨/બી રૂદરપુરા, સુરત પુરબીયા શેરી, રૂદરપુરા, સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો નોંધ નં.૨૩૮૩, **પશ્ચિમ તરફ** : જોડેનો નોંધ નં.૨૩૮૧, **ઉત્તર તરફ** : જોડેનો નોંધ નં.૨૩૮૨/એ, **દક્ષિણ તરફ** : કોમન રોડ આવેલ છે.

તા. ૦૯.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભુલકા ભવન શાખા, સુરત

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ઝાંપા બજાર શાખા : જુના મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ સુરત–૩૯૫૦૦૩. ફો. નં.- ૦૨૬૧– ૨૪૨૩૩૦૩, ૨૪૩૯૯૪૨ email :zampab@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે) [સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૩.૦૮.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી કંચનબેન જયસુખભાઈ સરવૈયા (દેવાદાર અને ગીરવેદાર)**, અને **શ્રી શરદ ધીરુભાઈ રાદડીયા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૯,૨૧,૩૯૯.૪૨ (રૂપિયા ઓગણીસ લાખ એકવીસ હજાર ત્રણસો નવાણું અને બેતાલીસ પૈસા પુરા)** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પર નું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારઆ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૦મી મે સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૯,૨૧,૩૯૯.૪૨** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પરનું વ્યાજ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત સ્ટાર ગાર્ડનની બિલ્ડીંગ નં.આઈના પમા માળ નો ફ્લેટ નં. ૫૦૧, બિલ્ટ અપ એરીયા માપ આશરે ૬૦.૪૦ ચો. મીટર વણવહેચાયેલ હિસ્સા સહિત બિનખેતી જમીન ના રેવન્યુ સર્વે નં. ૧૩૪૧ અને ૧૩૪૫, બ્લોક નં. ૧૨૭૬ અને ૧૨૭૯ તેના ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નં. ૩૬ (વરીયાવ), ફાઈનલ પ્લોટ નં. ૩૦ અને ૩૨ ગામ. વરીયાવ, તા. અડાજણ(સુરત સીટી), જી. સુરત ખાતે તમામ હક, હિત સાથે મિલકત આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફ્લેટ નં. આઈ–૫૦૪, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ, **ઉત્તર તરફ** : ફ્લેટ નં. આઈ– ૫૦૨, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં. જે–૫૦૨

તા. ૧૦.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઝાંપા બજાર શાખા, સુરત

બીલીમોરા નગરપાલિકા,બીલીમોરા તા.ગણદેવી જિ.નવસારી

જાહેર નોટીશ ક્રમાંક નં.૦૩/૨૦૨૬-૨૭

આથી જણાવવાનું કે બીલીમોરા નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવેલ ખાનગી માલિકીના રસ્તાઓ બીલીમોરા નગરપાલિકાના વહીવટમાં કોઈપણ જાતનો અવેજ લીધા વગર માલિકી હકકથી લઈને રસ્તાને લગતા દરેક કામો કરવા માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબની ખાનગી સોસાયટીઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવાનો ઇરાદો રાખે છે. કોઈપણ ઈસમ યા આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો યા વિરોધ હોય તેવા ઇસમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર પોતાના વાંધાઓ જરૂરી આધાર પુરાવા સાથે લેખિત નગરપાલિકા બીલીમોરા તા.ગણદેવી જી. નવસારીને મળે તે પ્રમાણે મોકલવા જણાવવામાં આવે છે. નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખ થી એક મહિના બાદ આવેલ કોઈ પણ વાંધા બાબતે કોઈ પણ કાર્યવાહી કરવામાં આવશે નહીં

* સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવાના રસ્તાના નામો : -

શિવશક્તિ રો હાઉસ, ઓરીયામોરા, વાઘરેચ રોડ, બીલીમોરાના રસ્તાઓ

તા.૧૧/૦૫/૨૦૨૬
Sd/- ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા
Sd/- કારોબારી ચેરમેન બીલીમોરા નગરપાલિકા
Sd/-પ્રમુખ બીલીમોરા નગરપાલિકા

જાહેરાતઃ- www.statetenders.com પર ઉપલબ્ધ છે. માહિતી/નવસારી/૫૩/૨૦૨૬

ધરમપુર નગરપાલિકા ધરમપુર તરફથી

ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૦૮/૨૦૨૬-૨૭

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ ધરમપુર નગરપાલિકા હદમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામોના ઓન લાઈન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઈ- ટેન્ડર મગાવવામાં આવે છે. ઈટેન્ડરની વિગત અત્રેની કચેરીએ તથા વેબ સાઈટ (https://www.nprocure.com) પરથી તા.૧૩/૦૫/૨૦૨૬ થી જોવા મળશે. ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓન લાઈન ભરવાની છેલ્લી તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે ૬ : ૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એ.ડી./કુરીઅર થી મોકલવાની છેલ્લી તા.૨૫/૦૫/૨૦૨૬ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવીત તા.૨૬/૦૫/૨૦૨૬ નાં રોજ રહેશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહીતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે. જેનાં કોઈ કારણો જણાવવામાં આવશે નહી. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

ક્રમ	યોજના	કામગીરી	ટેન્ડરની અંદાજીત રકમ રૂા	કોન્ટ્રાકટર શ્રેણી	કામની સમય મર્યાદા	ટેન્ડર ફી અને EMD ની રકમ રૂા
૧	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષઃ ૨૦૨૫ - ૨૦૨૬	ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં હાથીખાના ખાતેની પાણીની જર્જરીત ટાંકી ઉતારી નવી નવી પાણીની ટાંકી બનાવવાનું કામ.	૩૫,૬૧,૩૭૧/-	E - 1	૬ માસ	૨૫૦૦/- અને ૩૫,૬૧૪/-
૨	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષઃ ૨૦૨૪ - ૨૦૨૫ (બચત રકમ)	ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં છોકરી ફળીયા પમ્પીંગ સ્ટેશન પાસે બ્રિજના બંને સાઈડ રીટેઈનીંગ વોલ અને એપ્રોચ રોડ બનાવવાનું કામ.	૩૫,૧૨,૭૪૩/-	E - 1	૩ માસ	૨૫૦૦/- અને ૩૫,૧૨૩/-
૩	વ્યવસાય વેરા યોજના વર્ષઃ ૨૦૨૧ - ૨૦૨૨	ધરમપુર નગરપાલિકાના કુંભણ કુંવરબા તળાવમાં પેવર બ્લોકનું કામ.	૮,૮૯,૭૩૬/-	E - 2	૧ માસ	૧૫૦૦/- અને ૮૮૯૭/-
૪	વ્યવસાય વેરા યોજના વર્ષઃ ૨૦૨૧ - ૨૦૨૨	ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં લક્ષ્મીનારાયણ મંદિરની સામે પેવર બ્લોકનું કામ.	૭,૪૦,૯૬૯/-	E - 2	૧ માસ	૧૫૦૦/- અને ૭૪૧૦/-

ચીફ ઓફીસર ધરમપુર નગરપાલિકા
ન. માહિતી/વલસાડ/ ૮૫/૨૦૨૬
પ્રમુખ ધરમપુર નગરપાલિકા

જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

જત સદર જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, હમારા અસીલ **નિતેષભાઈ જગદીશભાઈ પંચાલ તે શારદાયતન સ્કુલના પ્રિન્સીપલ તથા હેમંતભાઈ રામભાઈ પટેલ તે શારદાયતન સ્કુલના ટ્રસ્ટીના એ (૧) પ્રકાશભાઈ ડી. પંડયા, (૨) મુકેશભાઈ ચંદુભાઈ પટેલ તથા (૩) સનતકુમાર વિજયસિંહ બારોટ** કે જેઓ પણ શારદાયતન સ્કુલના ટ્રસ્ટીઓ હોય તેઓએ ત્રાહિત ઈસમોના મેળાપીપણામાં સદર શાળા કે જે **સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ સુરત, મોજે-પીપલોદના રે.સર્વે નં. ૪૬, એફ.પી. નં ૮૯ વાળી ૧૧,૩૭૩ ચો.મી. વાળી મિલકત** કે જેમાં શાળાના પાછળના ભાગે આવેલ શાળાના પાર્કિંગની વ્યવસ્થા તથા શાળામાં ચાલી આવતી NCC રાઈફલ શુટીંગની પ્રવૃત્તિઓ તથા શાળાના રમત-ગમત માટે જે ખુલ્લુ મેદાન વર્ષોથી શાળાના કબજા હક્ક ભોગવટાવાળું ચાલી આવેલ હતું જેમાં ઉપરોકત ઈસમો ગેરકાયદેસર રીતે છેલ્લા ૧૦ (દસ) વર્ષથી ત્રાહિત ઈસમો સાથે મળીને હેરાન પરેશાન કરતા આવેલા હતા અને હમારા અસીલો કે જેઓ સદર શાળાના પ્રિન્સીપલ હોય તથા સદર શાળાના ટ્રસ્ટી હોય તેમ છતાં તેઓએ સદર ખુલ્લા મેદાનમાં ખોટી રીતે તાળા મારીને સદર જગ્યાને હમારા અસીલ તથા સદર શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓને પ્રવેશ કરવા માટે અટકાયત કરેલ હતી જેથી તેઓ વિરૂધ્ધ હમારા અસીલોએ શાળાના, અન્ય વાલીઓ સાથે મળીને સદર ગેરકાયદેસરનું કૃત્ય થતું અટકાવવા માટે **મહેરબાન સુરતના ચોથા એડીશનલ સિનિયર સિવિલ જડજ સાહેબની કોર્ટમાં રે.દી.મુ. નં. ૪૨૮/૨૦૨૫ થી ડેકલેરેશન તથા જાથુકનો મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો કરેલ હતો.** જે દાવામાં હમોએ દાવા અરજી સાથે દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટેની અરજી પણ રજુ કરેલ હતી. જે **મનાઈ અરજી યાને કે આંક-૫ પર ના.કોર્ટે તા.૨૨/૦૪/૨૦૨૬ના રોજ હમારા અસીલની તરફેણમાં હુકમ ફરમાવેલ હતો જે હુકમ નીચે મુજબ છેઃ**

ORDER

- **The Defendants, their agents, representatives and all other acting on their behalf are hereby restrained from restricting the plaintiffs from using the suit property (open ground) in the Shardayatan School for parking / sports ground / NCC Shooting Range, etc. and also from putting their lock on the open space (ground) or from closing such open space (ground) in any other way, till the final disposal of this suit.**

આમ, ઉપરોકત હુકમ ના.કોર્ટ હમારા અસીલોની તરફેણમાં આપેલ હોય તેમ છતાં ઉપરોકત ઈસમો ત્રાહિત ઈસમોના મેળાપીપણામાં ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરીને હમારા અસીલોના કાયદેસરના હક્ક-હિતને નુકસાન પહોંચાડી રહ્યા હોય જેથી તેઓ વિરૂધ્ધ હમારા અસીલોએ ફોજદારી રાહે પણ કાયદેસરના પગલા લીધેલ હોય. જેથી જાહેર જનતાને સદર નોટીસ આપી જણાવવાનું કે ના.કોર્ટે હમારા અસીલોની તરફેણમાં સદર દાવામાં મનાઈ હુકમ ફરમાવેલ છે જેથી સદર હમારા અસીલોની કાયદેસરના હક્ક-હિત વાળી તથા આશરે ૪૦ વર્ષ ઉપરાંતથી શારદાયતન સ્કુલના કબજા હક્ક ભોગવટાવાળી જગ્યામાં સદર ઉપરોકત જણાવેલ ઈસમો સાથે કોઈએ કોઈપણ જાતના ગેરકાયદેસરના હક્કો, હરકત, અંતરાય કરે કરાવે નહી તથા સદર શાળાના ખુલ્લા મેદાનવાળી જગ્યાને ગેરકાયદેસર રીતે તાળા મારીને બંધ કરવાની કોશિષ કરે કરાવે નહીં અને જો તેમ કરવામાં આવશે તો તેઓ વિરૂધ્ધ કાયદેસરના પગલા લેવામાં આવશે જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

તા. ૧૩/૦૫/૨૦૨૬
ઠે. એફ-૪/૫, લક્ષ્મી વિલાસ, ઘોડદોડ મેઈન રોડ, સુરત.
મો. નં. 9824138635
જયેશ એસ. પુજારા
તે નિતેષભાઈ જગદીશભાઈ પંચાલ તથા હેમંતભાઈ રામભાઈ પટેલના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના મજુરા તાલુકાના મોજે ગામ વડોદ માં આવેલ બ્લોક નં. :૧૯૨/પૈકી ૨ કે જેનો ખાતા નં. ૫૯૮ વાળી રહેણાંક હેતુ માટેની બિનખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૫-૦૦ ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૮.૦૦ પૈસા છે તે જમીન, જમીનના માલિક ભીખુભાઇ કેશવભાઇ પાસેથી અમારા અસીલએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર જમીનમાં જે કોઇ વ્યકિત, ઇશમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી-પોષાકી હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઇ પ્રકારનો કોઇનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નક્કી થયા મુજબ ઉપરોકત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી. તા.૧૩/૦૫/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગેલેરીયા, એક્સીસ બેંન્કની બાજુમાં, યોગીચોક, પુણાગામ, સુરત. મો. ૯૭૨૩૮-૦૨૮૬૪
ગૌતમ બી. કાછડીયા
એડવોકેટ

ટાઇટલ કલીયર અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ મિલકતના માલિક એ સદરહુ મિલકત વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને ખરીદનાર યાને **કતિ રામ નારાયણ શ્રીવાસ્તવ** એ બેંક લોન હેતુથી અમારી પાસેથી **ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ** ની માંગણી કરેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ મીલકત બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય તો **દિવસ–૭** માં દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી નહિતર મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો અમે સદરહુ મિલકતનું **ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ** આપીશું અને હમારા અસીલ સદરહુ મિલકત ગીરોમાં લેશે અને પાછળથી કોઇના કોઈપણ જાતનાં વાંધા ચાલશે નહી અને સદરહુ મિલકત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મિલકત અને હાલના માલિકો:– ડિસ્ટ્રીકટ સુરત, તાલુકો : પલસાણા, **મોજે : બલેશ્વર**ના રે.સર્વે નં. ૩૭૭, ૩૭૮, ૩૮૧, ૩૮૧/૧, **નવો બ્લોક નં. ૩૬૨** (જૂનો બ્લોક નં. ૩૬૨, ૩૬૩, ૩૬૫ અને ૩૬૬) વાળી જમીન પર આયોજીત **'અવધ શાંગ્રીલા'** માં આવેલા **મકાન નં. ૯૦** (ક્ષે. ૯૬.૬૧૦ ચો.મી.) ના માલિક **હિરલબેન મેહુલભાઈ પટેલ**, રહેઃ ૩૦૫, ૩-સી, ચાન્સેલર એપાર્ટમેંટ, રીંગ રોડ, સુરત.

ગુમ થયેલ દસ્તાવેજ:– અસલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૫૬૫૦ તા. ૨૫/૦૪/૨૦૧૬ તથા તેની અસલ રજી. રસીદ.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ–સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭
રાકેશ એ. વાઘવાની
એડવોકેટ એન્ડ નોટરી

–:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::–

સુરત ડીસ્ટ્રીકટ **સુરત સીટી** સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતનાં મોજે : **અઠવા** વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ : અઠવા, સીટી સર્વે નં. ૧૯૬૩, ટી.પી. સ્કીમ નં. ૫ (અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં. ૩૧૨ (શ્રીકુંજ બંગલો)** વાળી મીલકત, જેનું **કુલ ક્ષેત્રફળ ૪૮૩.૭૮ ચો.મી.** વાળી મીલકત, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર **+** પહેલા માળના બાંધકામનું બિલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળ ૮૧.૧૮ ચો.મી. વાળી મીલકત **(૧) રૂપાબેન રોહિતભાઈ દલાલ, (૨) ચિરાગ ઉમેષભાઈ દલાલ, (૩) નીરાલી યજ્ઞેશભાઈ દલાલ તથા (૪) પારૂલબેન ઉરેશભાઈ દલાલનાઓએ** પોતાની સંયુકત માલીકી, કબજા–ભોગવટાની અને બોજા રહિત સંપુર્ણ ટાઈટલ કલીયર ચાલી આવેલી હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું મીલકતમાં કોઈપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે જરૂરી આધારભુત દસ્તાવેજી પુરાવાઓ સહીત દિન–૭ માં હમારા નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી અને રૂબરૂ મળી જવું અને તેમ કરવામાં અગર કસુર થયેથી સદરહું મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તેઓએ જતો યાને **"વેઈવ"** કર્યો છે, તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ મીલકતનો કાયદેસર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામએ સ્પષ્ટ નોંધ લેવી. તા. ૧૩/૦૫/૨૦૨૬

ઓફીસ : એ/યુ–૭, પવિત્રા રેસીડેન્સી, જી.ઈ.બી. ઓફીસની બાજુમાં, રામનગર, રાંદેર રોડ, સુરત. મો.નં.૯૯૭૯૪૫૬૪૦૩ / ૭૩૫૯૬૯૧૫૬૬
મારી મારફત
સંદિપ કે. ચિત્તે
જીગ્નેશકુમાર એમ. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ

જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકો અડાજણ, **મોજે ગામ : ઓખા,** જેનો **બ્લોક નં.: ૪૦ તથા બ્લોક નં.: ૪૦/પૈકી ૧,** જેનો રેવન્યુ સર્વે નંબર : ૨૨/૧ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૩–૪૮–૯૮ ચો.મી. છે. જેનો આકાર રૂા. ૫૧.૬૨ પૈસા જેનો ખાતા નં.: ૨૪૫ વાળી જમીન પૈકી ટીપીમાં સમાવેશ થયા બાદની ૩૦ મીટર રોડથી પશ્ચિમ દિશા તરફની વણ–વહેંચાયેલ હિસ્સાની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦–૮૦–૮૮ ચો.મી. ના માલિક ૭/૧૨ મુજબ **(૧) પરેશભાઈ કરશનભાઈ પટેલ (૨) અતુલભાઈ કરશનભાઈ પટેલ** નાઓની પોતાની સંયુકત માલિકી કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની તથા તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાની જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક હિત હિસ્સો લાગભાગ, અલાખો, અધિકાર, લીઝ પેન્ડનસ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ, બોજો, દર–દાવો, કબજો, સાટાખત, બાનાખત, વારસાઈ હકક વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત **દિન–૭** માં નીચે દર્શાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક–હિત–હિસ્સો, દરદાવો નથી અને જો હોય તો તે જતો યાને "વેવ" કર્યો છે. તેવું ગણી લઈ અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિકો, કબજેદારો પાસેથી મજકુર જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કે અન્ય લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો વિરોધ, દર–દાવો વિગેરે ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

નોટીસ અમારી સુચના મુજબ સાચી અને ખરી છે.

ઓફિસ : ૨૦૧, ૨૦૨, રાધેશ્યામ શોપીંગ સેન્ટર, સોનાણી દાંતના દવાખાના ની ઉપર, સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ, સુરત. મો. ૯૩૭૭૭ ૨૭૧૫૩
અસીલની ફરમાઈશ તથા સુચના અન્વયે
ડૉ. મેહુલ બી. સોનાણી
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયનાં સુરત ડીસ્ટ્રીકટ, તાલુકો ચોર્યાસીનાં મોજે દેલાડવાનાં ખાતા નં.૭૬૦, રે.સર્વે નં.૫૯/પૈકી, બ્લોક નં.૮૨/અ થી નોંધાયેલી જુની શરતની ખેતીલાયક જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧-૬૩-૯૦ ચો.મી., જેનો આકાર રૂા.૨૦.૫૦ પૈસા છે, તે ખેતીની જમીન (૧) **મહેશભાઈ ઠાકોરભાઈ પટેલ**, (૨) સ્વ. ઠાકોરભાઈ નગીનભાઈ પટેલના હયાત વારસદાર તરીકે (૨.૧) સુશીલાબેન ઠાકોરભાઈ પટેલ, (૨.૨) નલીની ઉર્ફે નીતાબેન ઠાકોરભાઈ પટેલ અને પરેશભાઈની પત્ની, (૨.૩) ચેતન ઠાકોરભાઈ પટેલ, (૨.૪) હીનાબેન ઠાકોરભાઈ પટેલ તે મેથ્યુની પત્ની, (૨.૫) રિકેશભાઈ ધર્મેશભાઈ પટેલ, (૩) હિંમતભાઈ પોપટભાઈ સાવજ, (૪) સાદુળભાઈ મથુરભાઈ કવાડ, (૫) ભીમજીભાઈ મથુરભાઈ કવાડ (H.U.F.), (૬) સ્વ. વેલજીભાઈ બાલુભાઈ નકુમના હયાત વારસદાર તરીકે, (૬.૧) વિજયાબેન વેલજીભાઈ નકુમ, (૬.૨) જયોતિબેન વેલજીભાઈ નકુમ તે પ્રકાશભાઈ કવાડની પત્ની, (૬.૩) દિયાબેન વેલજીભાઈ નકુમ તે ભાવેશભાઈ ઝીંઝાળાની પત્ની, (૬.૪) નિમેષ વેલજીભાઈ નકુમ, (૬.૫) રમેશકુમાર વેલજીભાઈ નકુમ, (૭) ચંદ્રેશભાઈ મથુરભાઈ કવાડ, (૮) અંજનાબેન તે કાંતીલાલ શાહની દિકરી અને એ નિતીનકુમાર શાહની પત્ની, (૯) અનિતાબેન તે જયંતિભાઈ વનમાળી પટેલની દિકરી અને રાકેશ પટેલની પત્ની, (૧૦) જલ્પા નરશીભાઈ કવાડ, (૧૧) હિતેન નરશીભાઈ કવાડ તથા (૧૨) સાગર નરશીભાઈ કવાડનાઓ એ પોતાની સયુંકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટ્લ વાળી હોવાનુ જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી સદરહું જમીનમાં કે તેના હિસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેન્ક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઇનો કોઇ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહું જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદ્દત વીત્યે અમારા અસીલ, સદરહું જમીન વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ જમીનના પાકા લખાણ/દસ્તાવેજ કરી-કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી. (તા.૧૩/૦૫/૨૦૨૬)

મારી મારફત : **વિશાલ એલ. ફળદુ** તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૯. બીજો માળ, હિરાપન્ના કોમ્પલેક્ષ, રાજહંસ પોઈન્ટ સામે, વરાછા રોડ, સુરત. મો. ૯૮૨૫૨ ૫૦૮૮૫.

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ તાલુકા જલાલપોરના મોજે સાગરા ગામની નીચે મુજબની ખેતીની જમીન ચાલી આવેલ છે.

ગામનું નામ	ખાતા નંબર	જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ક્ષેત્રફળ હે-આરે-ચો.મી.	આકાર રૂા. પૈસા
સાગરા, તા. જલાલપોર, જી. નવસારી	૪૯૦	૧૧૫	૨૪૪	૦-૫૭-૩૫ પૈકી ૦-૨૫-૮૦.૭૦	૬.૨૦

ઉપરોક્ત જમીનના સહમાલિકો કમલ વસંતરાવ ચવન તે નારાયણરાવ સંપતરાવ પગારની પુત્રી, રહે. પરશુરામનગર સોસાયટી, શ્રી ક્રિષ્ણા સયાજીગુરુ, વડોદરા, તા. જી. વડોદરાના માલિકી કબજા વહીવટ ભોગટા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી તથા સદરહું જમીન તેઓએ અન્ય કોઈને વેચાણ, બક્ષિસ, ગીરો યા અન્ય હરકોઈ રીતે તબદીલ કે ટ્રાન્સફર કરી કરાવી નથી કે તેવા કોઈ પણ જાતના લખાણો અન્ય કોઈપણ સંસ્થા, વ્યક્તિ કે અન્ય કોઈની કરી કરાવી આપેલ નથી. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી સદરહું વણવહેંચાયલા હિસ્સાની જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. માટે આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર જમીન બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સરકારી બેંક, સંસ્થા યા વ્યક્તિનો ચાર્જ, બોજો કે લીયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો કે લાગભાગ હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ મા દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. નહીતર મુદત વિત્યે કોઈનો હકક, હિત, હિસ્સો કે અધિકાર નથી તેમ માની અમારા અસીલ આશિયા સરફરાજ નવાઝ પઠાણ તે ઈકબાલ હુનાણીની પુત્રી સદરહું જમીન વેચા આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરશે, અને જરૂરી પાકા લખાણો કરી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈ તર-તકરારને અવકાશ રહેશે નહી તેની સૌએ નોંધ લેવી.

મારી મારફત,
તા. ૧૧-૦૫-૨૦૨૬ **સમીર વાય. શેખ** (તે ખરીદ કરનારાઓના એડવોકેટ)
૩૦૧, ત્રીજો માળ, ઓમ આર્કેડ, જુનાથાણાથી કાલિયાવાડી મેઈન રોડ, નવસારી, તા. જી. નવસારી.મોઃ ૯૯૭૯૭૩૧૫૪૩

મોજે અડદા, તા. જી. નવસારીની ખેડખાતાની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, મોજે અડદા, તા. જી. નવસારીના (૧) બ્લોક/સર્વે નંબર-૩૨, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૦૬-૯૫, (૨) બ્લોક/સર્વે નંબર-૩૪૬, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૦૧-૮૨ તથા (૩) બ્લોક/સર્વે નંબર-૩૪૯, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૧૫-૯૬ જેનો ખાતા નંબર-૩૬૧ વાળી ખેડખાતાની જમીનો (૧) રોહીતભાઈ લલ્લુભાઈ, (૨) કિશોરભાઈ લલ્લુભાઈ તથા (૩) લલીતાબેન લલ્લુભાઈ ગોવિંદભાઈની વિધવા, તમામ મુળ રહે-પટેલ ફળીયુ, મુ.પો. અડદા, તા. જી. નવસારી-૩૯૬૪૪૫ નાની સંયુક્ત માલિકી કબજે હોવાનું જણાવી હમારા અસીલ ભવનભાઈ દેવજીભાઈ પટેલ, રહે. ૪૮૯/બી, ગાયત્રી ટીમ્બર માર્ટ, ન્યુ જી.આઈ.ડી.સી., બારડોલી રોડ, કબીલપોર, નવસારીને વેચાણ કરવા માંગતા હોય જેથી સદરહુંં ખેડખાતાની જમીનો બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહુંં ખેડખાતાની જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારે બોજા, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરોખત વિગેરે પ્રકારના કોઈ લખાણો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલ કે "વેઈવ" કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ ખેડખાતાની જમીનોનાં માલિકો જાજો પોતે અથવા તેઓના કુલમુખત્યાર મારફતે હમારા અસીલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

(ભવનભાઈ દેવજીભાઈ પટેલ)
તા. ૧૨-૦૫-૨૦૨૬
હમારા અસીલની સુચનાથી,
અજય આર. ગાંધી (એડવોકેટ)
૧૧૦, શંખેશ્વર કોમ્પલેક્ષ, કલેકટર ઓફિસ સામે, નવસારી. મો.: ૯૮૨૫૦૯૯૦૮૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **ભરૂચ** સબ-ડીસ્ટ્રીકટ તાલુકો **વાગરા** નાં મોજેગામ **વાવ**નાં **બ્લોક નંબરઃ ૫૩, (જેનો રી-સર્વે પહેલાનો જુનો બ્લોક નંબરઃ ૧૯)**, કે જેનું કુલ સુમારે **ક્ષેત્રફળ હે.આરે ૩-૫૧-૨૭ ચો.મી. યાને ૩૫,૧૨૭ ચો.મી.** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીનનાં માલીક **રમાબેન ચીમનલાલ ચંદુલાલની વિધવા** ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદરહુ મીલકત અંગે સાટાખત/બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનાં લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યક્તિને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક તર-તકરાર નથી તેમ જણાવી અમારા અસીલ ને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનનાં વેચાણ અંગે જે કોઈ ઈસમો, બેંક કે સંસ્થાનો કોઈપણ જાતનો વાંધો-વિરોધ, હરકત, અટકાયત, બોજો, લાગ-ભાગ, દર-દાવો, ખાધાખોરાકી-પોષાકીનો હકક, હિત, હિસ્સો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં હમોને જાણ કરવી, જો તેવું કાંઈ માલુમ પડશે નહી તો તે અંગે પાછળથી કોઈની કાંઈપણ તર-તકરાર ચાલશે નહી અને તેવા તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક-હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી તેઓના નામે અથવા તેઓ કહે તે નામનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા-વળગતા તમામે તથા જાહેર જનતાએ નોંધ લેવી.

વિશેષ જે. ખેની - એડવોકેટ
ઠે. ઓફિસ નં. ૨૧૪, રોમન પોઈન્ટ, વિઠ્ઠલનગર સોસાયટીની બાજુમાં, હીરાબાગ, વરાછા રોડ, સુરત.

મોજે ગામ પાલણપોરના રે.સર્વે/બ્લોક નં.૧૫૧, ટી.પી. સ્કીમ નં.૯, ફા.પ્લોટ નં.૧૧૩ વાળી જમીન અંગે જાહેર ચેતવણી

આથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવવાનું કે, **સુરત ડી. અડાજણ ડી.**, શહેર સુરતના મોજે ગામ **પાલણપોર**ના ર.સર્વે/બ્લોક નં.**૧૫૧**,ટી.પી.સ્કીમ નં.**૯**, ફા.પ્લોટ નં.**૧૧૩**, જેનું ક્ષેત્રફળ હે.આરે. **૧-૭૫-૦૩** ચો.મી.વાળી નવી શરતની જમીન **(૧) ભાવનાબેન ઠાકોરભાઈ નાથુભાઈની છોકરી અને ચંપકભાઈ પટેલની પત્ની (૨) મંજૂબેન ઠાકોરભાઈ નાથુભાઈની છોકરી (૩) શૈલેષભાઈ ઠાકોરભાઈ (૪) નયનાબેન ઠાકોરભાઈ નાથુભાઈની છોકરીના**ઓની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલી. અને તે રીતે સદરહુ જમીનમાં અમો **પ્રિયંકા તે ભાવનાબેન ઠાકોરભાઈ નાથુભાઈની પુત્રી**નો વારસાઈની રૂએ કાયદેસરનો વણ વહેંચાયેલો હકક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવો ચાલી આવેલ છે. સદરહુ જમીનમાં અમોની વારસાઈ કરવામાં આવેલ નથી અને સદર જમીન અમોની સંમતિ વિના અને જાણ બહાર અમારા વડીલો પાસેથી **ભાનુબેન મોહનભાઈ તે રમેશભાઈ લક્ષ્મણભાઈ સાકરીયાની ધણીયાણી**એ નવી શરતની જમીનનો ગેરકાયદેસર રીતે રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે અને તે રીતે શરતભંગ કરેલ છે. જે અંગે અમો ફોજદારી રાહે તથા દિવાની રાહે તથા વારસાઈ હકક મેળવવા માટે કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરનાર છીએ. જેથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, **સદરહુ જમીન અંગે ભાનુબેન મોહનભાઈ તે રમેશભાઈ લક્ષ્મણભાઈ સાકરીયાની ધણીયાણી સાથે કોઈપણ પ્રકારના ખરીદ-વેચાણના તથા અન્ય કોઈપણ પ્રકારના લેખિત કે મૌખિક વ્યવહારો કરવા કરાવવા નહીં** અને જો કરવા કરાવવામાં આવશે તો તેઓએ કાયદેસરની કાર્યવાહીમાં ઉતરવુ પડશે. અને તેઓને તર તકરાર સિવાય કશુપ્રાપ્ત થશે નહીં. જેની જાહેર જનતાએ આ જાહેર ચેતવણીથી ગંભીર નોંધ લેવી.

રહે.: ડાભી ફળીયુ, મુ.પો.ભાડુંત, તા.ઓલપાડ, જી.સુરત.
પ્રિયંકાબેન તે ભાવનાબેન ઠાકોરભાઈ નાથુભાઈની પુત્રી

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ગણદેવીના મોજે ગામ કોથા ના નીચે શીડયુલમાં જણાવેલ જુની શરતની ખેતીની જમીનના માલીકો હરીશભાઈ ચીમનભાઈ ઓડ તથા અન્યો ચાલી આવેલ છે.

ક્રમ	બ્લોક નંબર	ખાતા નં	ક્ષેત્રફળ	આકાર રૂા.પૈસા
૧	૨૬૭	૭૦૭	૦-૬૦-૧૯ ચોમી.	૪-૩૦
૨	૨૬૫	૭૦૭	૦-૩૦-૩૭ ચો.મી.	૨-૮૦
૩	૨૫૬	૭૧૮	૦-૭૫-૪૫ ચો.મી.	૬-૪૦
૪	૨૫૮	૭૦૬	૧-૦૨-૫૮ ચો.મી.	૭-૪૦
૫	૨૫૯	૭૦૭	૦-૩૮-૨૬ ચો.મી.	૪-૮૦
૬	૨૫૭	૭૧૫	૧-૦૪-૧૩ ચો.મી.	૬-૬૫
૭	૨૫૪	૬૯૨	૧-૨૫-૫૧ ચો.મી.	૧૧-૪૦
૮	૨૫૫	૬૯૨	૦-૫૬-૫૦ ચો.મી.	૪-૧૦
૯	૨૩૦	૭૧૭	૧-૬૧-૧૭ ચો.મી.	૧૪-૧૫
૧૦	૨૨૭	૭૧૯	૧-૦૮-૧૮ ચો.મી.	૯-૬૦

ઉપરોકત જમીનોના માલીકો પાસેથી સદર જમીનો મારા અસીલે વેચાણ લેવાનુ નકકી કરેલ છે, આથી સદર જમીનો બાબતે કોઇ પણ શખ્સ, સંસ્થા કે અન્ય કોઇના કોઇ પણ પ્રકારના હકક, હિત, હિસ્સો, સંબધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત હોય યા ખાધા-ખોરાકી, ભરણપોષણના હકકો હોય યા કોઇપણ વ્યકિતના વારસોનો હકક, હિત, હિસ્સો, વાંધો હોય કે સદર જમીનોમાંથી કોઇના કોઇપણ પ્રકારના આવવા-જવાના રસ્તાના હકકો હોય યા કોઇના કોઇપણ પ્રકારના બાનાખતો, સોદાચિઠ્ઠી હોય તો તેણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ મા હમોને નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમા જાણ કરવી, જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ સદર જમીનોનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

એલ/૨૪,૨૫, સીલ્વર પોઈન્ટ, ભટાર રોડ, વિદ્યાભારતી સ્કુલની સામે, સુરત
મો.નંઃ ૯૮૨૪૧૩૫૦૩૫. તા.૧૨/૫/૨૬
મારી મારફત :
દિપક એન. પ્રજાપતી
એડવોકેટ એન્ડ નોટરી